# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
*Re-Accredited* ***Grade A*** *by NAAC*


## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

## રાજકોટ

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યુ દિલ્હીની ગાઇડલાઇન મુજબ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી પ્રવેશ, સ્ટાફ ભરતી, હોસ્ટેલ પ્રવેશ, સ્ટાફ ક્વાટર્સની ફાળવણી વગેરેમાં અનામત પ્રમાણની જોગવાઇના અમલીકરણની સમીક્ષા માટેની એડવાઇઝરી કમિટીની બેઠક માન. કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૨૪/૧૧/૨૦૧૬ના રોજ બપોરે ૩:૦૦ કલાકે યુનિવર્સિટી ખાતેના સિન્ડિકેટ રૂમમાં મળેલ હતી. આ બેઠકમાં સભ્યશ્રીઓની હાજરી નીચે મુજબ હતી.

| | | | |
|---|---|---|---|
| ૧) | ડો. પી. એલ. ચૌહાણ | માન. કુલપતિશ્રી | હાજર |
| ૨) | ડો. ડી. ડી. પંડ્યા | કુલસચિવશ્રી | હાજર |
| ૩) | પ્રોફે. હેમીક્ષાબહેન રાવ | સભ્યશ્રી | ગેરહાજર |
| ૪) | પ્રોફે. બી. કે. કલાસવા | સભ્યશ્રી | હાજર |
| ૫) | ડો. આર. એન. કાથડ | સભ્યશ્રી | હાજર |
| ૬) | પ્રોફે. યુ. સી. ભોયા | સભ્યશ્રી | હાજર |
| ૭) | શ્રી જિજ્ઞાબહેન એચ. પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૮) | પ્રોફે. આર. જે. યાદવ | સભ્યશ્રી | ગેરહાજર |
| ૯) | શ્રી આર. સી. ગાંવિત | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૦) | શ્રી આર. જી. પરમાર | નાયબ કુલસચિવશ્રી | હાજર |

સદર બેઠકમાં નીચે મુજબના સૂચનોનો અમલ કરવા ઠરાવવામાં આવેલ.

૧) એડવાઇઝરી કમિટીની બેઠક સામાન્ય રીતે દર ત્રણ મહિને બોલાવવી. (અમલ - એસ.સી.-એસ.ટી. સેલ)

૨) અનામત વર્ગના વિદ્યાર્થીઓ, સ્ટાફમાં જાગૃતિ આવે તે માટે અવેરનેસ સેમિનારનુ આયોજન કરવુ.
- અવેરનેસ સેમિનારના આયોજન માટે સેન્ટર ફોર સ્ટડી ઓફ સોશીયલ ઇનક્લુઝન એન્ડ એક્સક્લુઝીવ પોલીસીએ કાર્યવાહી હાથ ધરવી. (અમલ-સેન્ટર ફોર સ્ટડી ઓફ સોશીયલ ઇનક્લુઝન એન્ડ એક્સક્લુઝીવ પોલીસી)
- ઇકવલ ઓપોર્ચ્યુનીટી સેલ એ સદર આયોજનમાં સહકાર આપવો. (અમલ-ઇકવલ ઓપોર્ચ્યુનીટી સેલ)

૩) સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ આંબેડકર ચેરને કાર્યાન્વિત કરવી. (અમલ-યુ.જી.સી. વિભાગ)
- સદર ચેરના સુચારૂ સંચાલન માટે કોર કમિટીની રચના કરવી. (અમલ-યુ.જી.સી. વિભાગ)
- આંબેડકર ચેર અન્વયે વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવુ. (અમલ-આંબેડકર ચેર)

૪) અનામત વર્ગના જે વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષા ઉત્તિર્ણ કરેલ હોય, તેવા વિદ્યાર્થીઓને DRC માટેની પ્રપોઝલ તૈયાર કરવા પીએચ.ડી. એન્ટ્રાંસ ટેસ્ટ સમિતિ મારફત ગાઇડન્સ વર્કશોપ/ઓરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવુ. (અમલ - પી. જી. વિભાગ/પીએચ.ડી. એન્ટ્રાંસ ટેસ્ટ સમિતિ/ભવન)

- પીએચ.ડી. ગાઇડ દ્વારા અનામત વર્ગના વિદ્યાર્થીઓને DRC પ્રપોઝલ માટે જરૂરી માર્ગદર્શન મળે તે માટે ભવનના અધ્યક્ષશ્રીઓની સંકલન બેઠકમાં વિનંતી કરવી. (અમલ-પી. જી. વિભાગ)
- પીએચ. ડી. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે L-Shape રોસ્ટર પધ્ધતિ અમલમાં મૂકવી તેમજ તે અંગેનું રજીસ્ટર નિભાવવું. (અમલ - ભવન)
- પીએચ. ડી.ની પ્રવેશ પરીક્ષામાં અનામત વર્ગના વિદ્યાર્થીઓને ફી માં રાહત આપવી. (અમલ - પી. જી. વિભાગ)
- DRC માં અનામત વર્ગના પ્રતિનિધિને યુ.જી.સી. નોર્મ્સ મુજબ સ્થાન આપવું. (અમલ - ભવન)

૫) સ્ટાફ ક્વાટર્સની ફાળવણીમાં અનામત નીતિ મુજબ પ્રમાણ જાળવવુ. (અમલ-બાંધકામ વિભાગ)

૬) સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૪/૧૦/૨૦૧૬ના પરિપત્રનો અમલ કરવો. (અમલ-એસ.સી.-એસ.ટી. સેલ તથા સંબંધિત વિભાગો/ભવન/કોલેજો)

૭) યુ.જી.સી.ની તા.૨૫/૦૮/૨૦૦૬ થી બહાર પડેલ અનામત નીતિ અંગેની ગાઇડલાઇન મુજબ યુનિવર્સિટીની વિવિધ બોડીઝ/ઓથોરીટીઝમાં અનામત નીતિ મુજબ અનામત વર્ગના પ્રતિનિધિઓને સ્થાન આપવા અંગે સરકારશ્રીમાં જે દરખાસ્ત થયેલ છે તે માટે ફોલોઅપ લેવુ/સ્મૃતિપત્ર પાઠવવો. (અમલ - સામાન્ય વિભાગ)

અન્ય કોઇ મુદ્દાઓ ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીની સંમતિથી બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

(મુસદ્દો કુલસચિવશ્રીએ મંજૂર કરેલ છે.)

સહી/-
(ડૉ. ડી. ડી. પંડ્યા)
કુલસચિવ

નં.એસ.સી.-એસ.ટી.સેલ/૦૮/'૧૭

તા.૦૮/૦૨/'૧૭

પ્રતિ,
સર્વે સભ્યશ્રીઓ,
અનામત પ્રમાણ જોગવાઇઓના અમલીકરણની સમીક્ષા માટેની એડવાઇઝરી કમિટી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ

રવાના કર્યું
નાયબ કુલસચિવ
(એસ.સી.-એસ.ટી. સેલ)

<u>નકલ સાદર રવાના :</u>

માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.

<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :</u>

૧) યુનિવર્સિટી સ્થિત તમામ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ

૨) યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગોના વડાઓ

૩) રેકટરશ્રી, બોયઝ હોસ્ટેલ

૪) રેકટરશ્રી, અર્ન વ્હાઇલ લર્ન હોસ્ટેલ

૫) રેકટરશ્રી, ગર્લ્સ હોસ્ટેલ

૬) રેકટરશ્રી, સરસ્વતી વિમેન્સ હોસ્ટેલ

૭) કોઓર્ડીનેટરશ્રી, સીસીડીસી

૮) કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઇટ પર મૂકવા વિનંતી)